# ૬૪મો નેશનલ ફિલ્મ એવોર્ડ્સઃ બોલીવુડને હંફાવતું પ્રાદેશિક સિનેમા

સાતમી એપ્રિલે જાહેર થયેલા ૬૪મા નેશનલ ફિલ્મ એવોર્ડ્સમાં બોલીવુડ સામે પ્રાદેશિક ફિલ્મો મેદાન મારી ગઈ છે. ૬૪મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારની થયેલી જાહેરાતમાં ૨૦૧૬માં રિલીઝ થયેલી ફિલ્મોમાંથી પસંદ કરાયેલી વિજેતા ફિલ્મોની યાદી જાહેર થઈ હતી. રામ માધવાની નિર્દેશિત અને સોનમ કપૂર અભિનીત ફિલ્મ 'નીરજા'ને બેસ્ટ હિન્દી ફીચર ફિલ્મનો એવોર્ડ મળ્યો છે. અભિનેતા અક્ષય કુમારને 'રુસ્તમ' માટે બેસ્ટ એક્ટરના એવોર્ડથી નવાજાવાયો છે. અજય દેવગનની ફિલ્મ 'શિવાય'ને બેસ્ટ વીએફએક્સ માટે એવોર્ડ આપવામાં આવ્યો છે.

૪૨ વર્ષના અભિનેતા અક્ષય કુમારની પ્રથમ વાર બેસ્ટ એક્ટર તરીકે પસંદગી કરવામાં આવી હતી, જે બોલીવુડ માટે આશ્વાસનરૂપ કહી શકાય, કારણ કે બાકીની વિવિધ કેટેગરીમાં પ્રાદેશિક ફિલ્મોની પસંદગી થઈ હતી. અક્ષય કુમારને નેવી ઓફિસર કે. એમ. નાણાવટીની ભૂમિકા બદલ આ એવોર્ડ મળ્યો છે. બોલીવુડને એ વાતની નવાઈ લાગી હતી કે શા માટે 'દંગલ' અને 'અલીગઢ' જેવી ફિલ્મોની પસંદગી થઈ નહોતી. મરાઠી ફિલ્મ 'કાસવ'ને બેસ્ટ ફિલ્મ તરીકે પસંદ કરાઈ હતી.

બહાદુર એરહોસ્ટેસ નીરજા ભાનોતની બાયોપિક 'નીરજા'માં સોનમ કપૂરના શાનદાર પરફોર્મન્સ માટે સ્પેશિયલ મેન્શન એવોર્ડ (સ્પેશિયલ જ્યુરી એવોર્ડ) આપવામાં આવ્યો છે. 'દંગલ'માં બબીતાની બાળપણની ભૂમિકા ભજવનાર ઝાયરા વસીમને બેસ્ટ સપોર્ટિંગ એક્ટ્રેસનો એવોર્ડ મળ્યો છે. સુરભિ સીએમને મલયાલી ફિલ્મ માટે બેસ્ટ એક્ટ્રેસ જાહેર કરાઈ છે.




**સાતમી એપ્રિલે જાહેર થયેલા ૬૪મા નેશનલ ફિલ્મ એવોર્ડ્સ માટે ૨૦૧૬માં રિલીઝ થયેલી ફિલ્મોમાંથી પસંદ કરાયેલી વિજેતા ફિલ્મોની યાદી જાહેર થઈ હતી. નવી દિલ્હીમાં જ્યુરીના ચેરમેન અને સભ્યો દ્વારા યોજાયેલી પત્રકાર પરિષદમાં આ એવોર્ડ્સની જાહેરાત થઈ હતી.**



નવી દિલ્હીના નેશનલ મિડિયા સેન્ટરમાં યોજાયેલા એક કાર્યક્રમમાં જાણીતા નિર્માતા-દિગ્દર્શક પ્રિયદર્શન આ વર્ષે ફીચર ફિલ્મની સિરીઝના ચેરમેન તરીકે સામેલ હતા, જ્યારે સિનેમેટોગ્રાફર-રાઈટર રાજુ મિશ્રા નોન-ફીચર કેટેગરીના ચેરમેન હતા. પ્રિયદર્શને આઈએએનએસને જણાવ્યું હતું કે બોલીવુડ ફિલ્મો ઝાંખી પડી નથી, પરંતુ પ્રાદેશિક સિનેમાએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું છે. શક્તિશાળી પ્રાદેશિક ફિલ્મોના કારણે 'દંગલ' આ યાદીમાંથી બહાર ફેંકાઈ હતી. મરાઠી અને બંગાળી ફિલ્મો ખૂબ જ સુંદર હતી.

સાઉથની છ ઈન્ડસ્ટ્રી તમિળ-તેલુગુ-મલયાલમ, કન્નડ, તુલુ અને કોંકણીએ કુલ ૧૮ એવોર્ડ મેળવ્યા હતા, જ્યારે આસામ, બંગાળ, મહારાષ્ટ્ર અને મણિપુરની ફિલ્મોએ પણ વિવિધ કેટેગરીમાં એવોર્ડ મેળવ્યા હતા. આ વખતના એવોર્ડ્સમાં હિન્દી, તમિળ, તેલુગુ, બંગાળી અને મરાઠી ભાષાની ફિલ્મોનો પણ સમાવેશ કરાયો હતો.

આ યાદીમાં ગયા વર્ષે રિલીઝ થયેલી ૩૦૦થી વધુ ફિલ્મોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. બેસ્ટ કેટેગરી માટે વિજેતાઓની પસંદગીની કામગીરી માર્ચથી શરૂ કરાઈ હતી. ફીચર ફિલ્મોના એવોર્ડની કેટેગરી માટે ૨૬ ભાષાની ૩૪૪ ફિલ્મો નોમિનેટ કરવામાં આવી હતી. સ્પેશિયલ મેન્શન એવોર્ડ્સમાં ગુજરાતી ફિલ્મને સ્થાન મળ્યું છે. પ્રતીક ગાંધી સ્ટારર ફિલ્મ 'રોંગસાઈડ રાજુ'ને આ કેટેગરીમાં સન્માનિત કરાઈ છે. સામાજિક મુદ્દા પરની શ્રેષ્ઠ ફિલ્મનો એવોર્ડ અમિતાભની 'પિન્ક'ને મળ્યો છે.

નેશનલ એવોર્ડ્સ માટે બોલીવુડની ફિલ્મો 'પિન્ક', 'નીરજા' અને 'દંગલ'ની વિવિધ કેટેગરીમાં પસંદગી થઈ છે. ફિલ્મ 'કાસવ' ડિપ્રેશનની સમસ્યા રજૂ કરતી ફિલ્મ છે, જેમાં ડિપ્રેશનને એક વિષય તરીકે રજૂ કરાયું છે.

એવોર્ડ માટે પ્રતિભાવ આપતાં અક્ષય કુમારે કહ્યું કે આ એવોર્ડ માટે આભાર શબ્દ ઘણો નાનો છે. એક ફિલ્મી રોલ માટે પણ નેવીનો યુનિફોર્મ પહેરવો એ જ મોટું સન્માન છે.

*- આઈએએનએસ*

# બેસ્ટ હિન્દી ફિલ્મનો નેશનલ એવોર્ડ જીતતી 'નીરજા' સાતમા આસમાને

સાતમી એપ્રિલે જાહેર થયેલા ૬૪મા નેશનલ ફિલ્મ એવોર્ડ્સમાં બેસ્ટ હિન્દી ફિલ્મ તરીકે 'નીરજા'ની પસંદગી થઈ હતી. 'નીરજા'ની ટીમ આ પસંદગીથી ખૂબ જ ઉત્સાહી, આનંદિત, પરંતુ નમ્ર છે. ફોકસ સ્ટાર સ્ટુડિયોઝના સીઈઓ વિજય સિંહે એક નિવેદનમાં કહ્યું હતું કે બેસ્ટ ફિલ્મ માટે બે નેશનલ એવોર્ડ્સ ('જોલી એલએલબી' અને હવે 'નીરજા') જીતનાર એકમાત્ર સ્ટુડિયો અમે છીએ તે વાતથી અમે ખૂબ જ ઉત્સાહી અને આનંદિત છીએ. આ સન્માન અમને ભવિષ્યમાં ફરીથી મહાન સ્ટોરી સાથેની ફિલ્મો બનાવવાનો વિશ્વાસ પૂરો પાડે છે અને આગળ વધવાનું પ્રોત્સાહન આપે છે.

સેલિબ્રિટી કોરિયોગ્રાફર અતુલ કાસબેકર, જેમણે ફિલ્મો બનાવવાની અને કો-પ્રોડક્શન કરવાની સાથે ફિલ્મ પ્રોડક્શનમાં પોતાની કારકિર્દીની શરૂઆત કરી હતી, તેમણે એક નિવેદનમાં જણાવ્યું હતું કે આ પ્રકારની સ્ક્રિપ્ટ કોઈએ પણ લખી નહિ હોય. દરેક જગ્યાએથી 'નીરજા'ને જે સન્માન હાંસલ થયું છે તે આવકારદાયક છે.

તેમણે જણાવ્યું હતું કે રામ માધવાની અને હું એ બાબતે બહુ સ્પષ્ટ હતા કે અમે આ ફિલ્મના નિર્માણ થકી કંઈક સિદ્ધિ હાંસલ કરી શકીશું.




'નીરજા' એરહોસ્ટેલ નીરજા ભાનોત પર આધારિત ફિલ્મ છે, જેણે સશસ્ત્ર આતંકવાદીઓ સામે હિંમતભેર ઝઝૂમીને પ્રવાસીઓને બચાવ્યા હતા અને પોતાના જીવનું બલિદાન આપ્યું હતું. કાસબેકરે નીરજાના પરિવારનો વિશ્વાસ અને શ્રદ્ધા રાખવા બદલ આભાર માન્યો હતો.

તેમણે જણાવ્યું હું કે અમને ખબર નથી કે શા માટે તેમણે પ્રથમ વાર પ્રોડ્યુસર-ડિરક્કટર પર વિશ્વાસ મૂક્યો હતો, પરંતુ તેમણે તે સિદ્ધ કરી બતાવ્યું છે તે બદલ અમે તેમના આભારી છીએ.

નીરજા ૨૩મા વર્ષમાં પ્રવેશે તેના બે દિવસ પહેલાં જ જીવનલીલા સંકેલી લીધી હતી. તેણે પાંચમી સપ્ટેમ્બર, ૧૯૮૬ના રોજ પાકિસ્તાનમાં કરાચી ઈન્ટરનેશનલ એરપોર્ટ પર આતંકવાદીઓ દ્વારા અપહરણ કરવામાં આવેલી પાન-એમ ફ્લાઈટ દરમિયાન અમેરિકી બાળકોના વિશાળ જૂથને બચાવ્યું હતું.



પ્રેરણાત્મક વાર્તા ગણાતી આ ફિલ્મમાં સોનમ કપૂર અને શબાના આઝમીનો અભિનય વખણાયો હતો, જે પડદા પર સોનમની માતાની ભૂમિકા ભજવી હતી.

સોનમે રિયલ લાઈફ આઈકનની દમદાર ભૂમિકા અદા કરવા બદલ સ્પેશિયલ મેન્શન એવોર્ડ જીત્યો હતો.

*- આઈએએનએસ*

# વિદ્યા બાલનઃ મારા પતિ સિદ્ધાર્થ માને છે કે મારી પાસે કાતિલ અદા છે



બોલીવુડની પ્રતિભાશાળી અભિનેત્રી વિદ્યા બાલન કહે છે કે તેના પતિ સિદ્ધાર્થ રોય કપૂર માને છે કે તેની પાસે કાતિલ અદાઓ અને છટા છે. અભિનેત્રીએ એમ પણ કહ્યું કે તેણે આગામી પિરિયડ ડ્રામા 'બેગમ જાન'માં અભિનય કર્યો છે, જેમાં તે ગુસ્સાભરી મુદ્રામાં નજરે પડે છે.

તેણે ચેટ શો 'યાર મેરા સુપરસ્ટાર સીઝન-ટુ'માં ફિલ્મનિર્માતા મહેશ ભટ્ટ સાથે ભાગ લીધો હતો અને 'બેગમ જાન' ફિલ્મ અને સિદ્ધાર્થ સાથેના પોતાના સંબંધો વિશે વાતો કરી હતી. આ એપિસોડ ઝૂમ ટીવી પર આઠમી એપ્રિલે પ્રસારિત થયો હતો તેમ ચેનલે અખબારી નિવેદનમાં જણાવ્યું હતું.

આ ફિલ્મમાં કેવી રીતે તે ગુસ્સે થાય છે તે વિશે આ શોના હોસ્ટે પૂછતાં વિદ્યા બાલને કહ્યું હતું કે હું મારામાં રહેલો ગુસ્સો બહાર કાઢવા માગતી હતી અને ફ્લાઈટમાં ભટ્ટસાબ સાથે તે વિશેની વાતચીત કરી હતી. અમે અગાઉ 'હમારી અધૂરી કહાની' પણ પ્રમોટ કરી હતી. તે વખતે મેં કહ્યું હતું કે હું મારો ગુસ્સો અભિવ્યક્ત કરવા માગું છું. જોકે ફિલ્મમાં ગુસ્સો વ્યક્ત કરવો સરળ નહોતું, પરંતુ તેમાં આનંદ આવ્યો. એક વાર તમે મર્યાદા તોડો છો, ત્યારે તમને આનંદ મળે છે.

'બેગમ જાન' નેશનલ એવોર્ડવિજેતા શ્રીજિત મુખરજીની બહુ વખણાયેલી બંગાળી ફિલ્મ રાજકહાનીનું હિન્દી સંસ્કરણ છે, જેમાં વિદ્યા બાલન વેશ્યાગૃહની માલિકની ભૂમિકા અદા કરે છે. આ ફિલ્મ ૧૪મી એપ્રિલે રિલીઝ થઈ રહી છે. આ ફિલ્મનું પ્રોડક્શન મહેશ ભટ્ટ અને મુકેશ ભટ્ટની વિશેષ ફિલ્મ્સે કર્યું છે.

*- આઈએએનએસ*